**ડાયરેક્ટ ❤ સે**

હેતુ
વિના બંધાયેલા
સંબંધનો સેતુ
ખૂબ જ મજબૂત હોય છે

## જન્મદિને વધામણી



સુશીલાબેન કચરાભાઈ ભાવસાર



યશ મહેશકુમાર મોડ
મો. ૯૮૯૮૯ ૦૦૧૦૧



ધૃતિ જે શાહ
મો. ૯૪૨૬૩ ૩૦૨૭૩

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.

- સંપાદક

### કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા

# યુથ એમ્પાવરમેન્ટ કાર્યક્રમ યોજાયો




ગાંધીનગર, તા. ૨૧

યુવા વિદ્યાર્થીઓનાં જીવન ઘડતરને ધ્યાનમાં લઈ કડી સર્વ વિશ્વવિદ્યાલય દ્વારા ત્રણ દિવસીય યુથ એમ્પાવરમેન્ટ કાર્યક્રમ સવારે ૮થી સાંજે ૬ દરમિયાન વીપીએમપી સેમિનાર હૉલ, સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો હતો, જેમાં સર્વ વિદ્યાલય સંલગ્ન ૮ કૉલેજના ૬૫ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા હતા.

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને ધ્યાનમાં લઈ શિક્ષણ, સ્વાસ્થ્ય અને સંસ્કારની થીમ પર ત્રણ દિવસીય યુથ એમ્પાવરમેન્ટ કાર્યક્રમ નિશુલ્ક યોજવામાં આવ્યો હતો, જેમાં શહેરના જાણીતા યોગાચાર્ય અને ટ્રેનર જે સી પટેલ દ્વારા ઈમોશનલ મેનેજમેન્ટ, હેલ્થ મેનેજમેન્ટ, ઈન્ટર પર્સોનલ સ્કિલ, સ્ટ્રેસ મેનેજમેન્ટ, ટાઈમ મેનેજમેન્ટ અને માઈન્ડ પાવર વિષયે રસપૂર્વક વાતો કરવામાં આવી હતી અને પોતાના જીવનના અનુભવોથી પ્રેરણા પૂરી પાડી હતી. કાર્યક્રમના ઉદ્‌ઘાટન સમારંભમાં આચાર્ય ડૉ. આનંદભાઈ પટેલ, ડૉ. વિજ્ઞા ઓઝા અને ડૉ. ધર્મેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા, જ્યાં તેમણે સારાં પુસ્તકો વાંચવા, યોગનાં અને ધ્યાનનાં મહત્ત્વ અને સારા વિચારો ધરાવતા લોકો અને મિત્રોની સંગત કરવાની સલાહ આપી હતી. કાર્યક્રમના સમાપન સમારંભમાં માણેકલાલ એમ પટેલ ઈન્સ્ટીટ્યુટ ઑફ સાયન્સ એન્ડ રિસર્ચ કૉલેજના આચાર્ય ડૉ. કેયુર શાહે ઉપસ્થિત રહી જીવનમાં સફળ થવા નકારાત્મક વાતાવરણ અને નકારાત્મક લોકોથી દૂર રહી હકારાત્મક અભિગમ સાથે આગળ વધવા આહ્વાન કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આયોજન ડૉ. ધર્મેન્દ્રભાઈ પટેલ અને સહાયક તરીકે સચિન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થી વૉલન્ટીયર તરીકે કોમલ પટેલ, મિત કોયાણી, વ્રજ પટેલ અને શિવમ ભટ્ટ દ્વારા પ્રશંસનીય કામગીરી કરવામાં આવી હતી.

# માધવ રામાનૂજને કવિ નર્મદ પુરસ્કાર



ફાઈન આર્ટ્સ કૉલેજના નિવૃત્ત પ્રિન્સિપાલ અને હાલમાં કિડની ઈન્સ્ટીટ્યુટમાં એચઆર વિભાગ સંભાળવા ઉપરાંત અન્ય સંસ્થાઓ સાથે સંવા સંદર્ભે સંકળાયેલા સાહિત્યકારકવિ માધવ રામાનૂજને ૨૪ ઑગષ્ટે મુંબઈ ખાતે મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાતી સાહિત્ય અકાદમીનું વર્ષ ૨૦૧૮નું 'કવિ નર્મદ પુરસ્કાર પારિતોષિક' અર્પણ થશે. રાજ્યના સાહિત્ય-સેવા જગત તરફથી તેમના પ્રતિ અભિનંદનનો પ્રવાહ વહી રહ્યો છે.

# નવરાત્રી વેકેશનના કારણે ત્રણ દિવસનું શૈક્ષણિક કાર્ય ઘટ્યું

ગાંધીનગર, તા. ૨૧

રાજ્યની શાળાઓમાં ચાલુ શૈક્ષણિક વર્ષથી જ નવરાત્રી વેકેશનની જાહેરાત બાદ વિદ્યાર્થીઓના શૈક્ષણિક દિવસોમાં કાપ ન મૂકાય તે રીતે એકેડેમિક કેલેન્ડર તૈયાર કરવામાં આવનાર હતું. જોકે, બોર્ડે જાહેર કરેલા નવા એકેડેમિક કેલેન્ડર પ્રમાણે વર્ષ દરમિયાન શૈક્ષણિક કાર્યના ૩ દિવસો ઘટ્યા છે. અગાઉના કેલેન્ડર પ્રમાણે વર્ષ દરમિયાન ૨૪૭ દિવસનું શૈક્ષણિક કાર્ય થવાનું હતું. જોકે, નવરાત્રી વેકેશનના બદલે ફેરબદલ કરાયેલા કેલેન્ડર પ્રમાણે ૨૪૪ દિવસનું શૈક્ષણિક કાર્ય કરવામાં આવશે. નવા કેલેન્ડર પ્રમાણે પણ પરીક્ષાની તારીખ અને કુલ રજાઓમાં કોઈ ફેરફાર થયો નથી.

બોર્ડે અગાઉ જાહેર કરેલા એકેડેમિક કેલેન્ડર બાદ રાજ્ય સરકારે શાળાઓમાં નવરાત્રી વેકેશનની જાહેરાત કરી હતી. આ વખતથી ૮ દિવસનું નવરાત્રી વેકેશન આપવામાં આવ્યું છે. આથી શૈક્ષણિક દિવસોમાં ૩ દિવસનો કાપ મૂકાયો છે. અગાઉ પ્રથમ સત્રમાં ૧૧૬ દિવસ અને બીજા સત્રમાં ૧૩૧ દિવસનું શૈક્ષણિક કાર્ય થવાનું હતું. તેના બદલે હવે પ્રથમ સત્રમાં ૧૦૯ દિવસ અને બીજા સત્રમાં ૧૩૫ દિવસનું શૈક્ષણિક કાર્ય થશે. આમ, ૨૪૭ના બદલે હવે ૨૪૪ દિવસનું શૈક્ષણિક કાર્ય થશે.

નવરાત્રી વેકેશન ૧૦ ઓક્ટોબરથી ૧૭ ઓક્ટોબર સુધી ૮ દિવસ, દિવાળી વેકેશન ૫ નવેમ્બરથી ૧૭ નવેમ્બર સુધી ૧૩ દિવસ અને ઉનાળુ વેકેશન ૬ મેથી ૯ જુન સુધી ૩૫ દિવસ મળી કુલ ત્રણ વેકેશનના ૫૬ દિવસ રજાના રહેશે. ઉપરાંત, ૨૪ રજામાં ૧૯ જાહેર રજા અને ૫ સ્થાનિક રજાનો સમાવેશ થાય છે. આમ, કુલ ૮૦ રજા રહેશે. અગાઉના કેલેન્ડર પ્રમાણે જાહેર રજા ૧૭ હતી, જેમાં દિવાળી વેકેશન ટૂંકાતા ૨૧ નવેમ્બરના રોજ ઈદે મિલાદ અને ૨૩ નવેમ્બરના રોજ ગુરુનાનક જયંતીની રજા આપવામાં આવશે. જ્યારે સ્થાનિક રજા ૭ હતી તે ઘટાડીને ૫ કરી દેવામાં આવી છે.

# એસ જી સ્કૂલના વિદ્યાર્થીઓએ BISAGની મુલાકાત લીધી



એસ. જી. ઈંગ્લિશ મીડિયમ પ્રાયમરી સ્કૂલના ધોરણ -૬માં અભ્યાસ કરતા ૩૦૦ વિદ્યાર્થીઓએ ભાસ્કરાચાર્ય ઈન્સ્ટિટ્યૂટ ફોર સ્પેસ એપ્લિકેશન એન્ડ જેઈઓ-ઈન્ફોર્મેટિક્સ (BISAG)ની મુલાકાત લીધી હતી. BISAGના કર્મચારીઓ દ્વારા વિદ્યાર્થીઓને અવકાશમાં રહેલા ઉપગ્રહનું વિડીયોના માધ્યમથી માર્ગદર્શન આપ્યું હતું વંદેમાતરમ ચેનલ દ્વારા પ્રસારિત થતા દૂરવર્તી શિક્ષણની માહિતી પણ આપી હતી. આ ઉપરાંત ત્રણ ઉપગ્રહ ડિસ્ક પણ વિદ્યાર્થીઓને બતાવવામાં આવી હતી.

# શિક્ષકોને મધ્યાહ્‌ન ભોજન ભરપેટ આરોગવા માટે નહીં પરંતુ માત્ર ચાખવા માટે પરિપત્ર કરાયો

ગાંધીનગર, તા. ૨૧

રાજ્યની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓ માટે મધ્યાહ્‌ન ભોજનની વ્યવસ્થા કરવામાં આવે છે. આ મધ્યાહ્‌ન ભોજનની ગુણવત્તાની ચકાસણી માટે શિક્ષકોને મધ્યાહ્‌ન ભોજન તૈયાર થયા બાદ ચાખવાનું હોય છે અને રજિસ્ટરમાં તેની નોંધ કરવાની હોય છે. પરંતુ ઘણી પ્રાથમિક શાળામાં શિક્ષકો મધ્યાહ્‌ન ભોજન ચાખવાના બદલે ભરપેટ જમી લેતા હોવાનું બહાર આવ્યું છે. તેના પગલે વિદ્યાર્થીઓને નિયત પ્રમાણમાં મધ્યાહ્‌ન ભોજન મળી શકતું નથી. આ મુદ્દો ધ્યાને આવતા શિક્ષકોને મધ્યાહ્‌ન ભોજન ભરપેટ આરોગવા માટે નહીં પરંતુ માત્ર ચાખવા માટે પરિપત્ર કરવો પડ્યો છે. પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને મધ્યાહ્‌ન ભોજન અપાય છે. રસોઈયા દ્વારા મધ્યાહ્‌ન ભોજન તૈયાર થયા બાદ શાળા દ્વારા નિયત કરાયેલા શિક્ષકે તૈયાર થયેલા ભોજન ચાખ્યા બાદ તે ભોજનની ગુણવત્તાની ચકાસણી કરવાની હોય છે. તે યોગ્ય જણાય ત્યારબાદ તે ભોજન વિદ્યાર્થીઓને અપાય છે. શિક્ષક દ્વારા ચકાસાતા મધ્યાહ્‌ન ભોજનની ગુણવત્તાની ચકાસણી અંગે રજિસ્ટર પણ નિભાવવાનું હોય છે. ઉપરાંત, કયા દિવસે કયા શિક્ષકે મધ્યાહ્‌ન ભોજનની ચકાસણી કરવાની? તે બાબત અંગે સ્કૂલના આચાર્ય નક્કી કરી આદેશ કરતા હોય છે. આચાર્યના આદેશ પ્રમાણે જે-તે શિક્ષકો દ્વારા મધ્યાહ્‌ન ભોજનની ગુણવત્તાની ચકાસણી કરવામાં આવે છે. રસપ્રદ હકીકત એ છે કે ઘણી શાળામાં મધ્યાહ્‌ન ભોજન યોજનાના કેન્દ્રો પર બાળકોને આપવાનું ભોજન શિક્ષકો માત્ર ચાખતા નથી પણ ભરપેટ ભોજન જ કરી લે છે. મધ્યાહ્‌ન ભોજન યોજનાના અધિકારીઓએ સ્કૂલમાં ચકાસણી દરમિયાન શિક્ષકો ભોજન જમતા હોવાનું કબૂલ્યું છે. ઉપરાંત, ઘણા શિક્ષકોએ આ અધિકારીઓ સમક્ષ પોતે ટિફિન લાવતા ન હોઈ 'મધ્યાહ્‌ન ભોજન' જ જમી લેતા હોવાનું કબૂલ્યું હતું.

# સરકારી પ્રાથમિક શાળામાં હવે માધ્યમિક સ્કૂલ ચલાવાશે

## ૧૦૩ નવી માધ્યમિક સરકારી શાળાઓ માટે ૧૫૫ શિક્ષણ સહાયક, ૧૦૩ વહીવટી સહાયક અને ૧૦૩ સાથી સહાયક નિમાશે

ગાંધીનગર, તા. ૨૧

રાજ્યમાં આવેલી સરકારી પ્રાથમિક શાળાઓમાં હવે માધ્યમિક શાળાઓ શરૂ કરવાનો નિર્ણય લેવાયો છે. જે અંતર્ગત ગામની સરકારી પ્રાથમિક સ્કૂલમાં બીજી શિફ્ટમાં સરકારી માધ્યમિક સ્કૂલ શરૂ કરવામાં આવશે. આ માટે પ્રથમ તબક્કામાં ૧૦૩ સરકારી માધ્યમિક શાળાઓને મંજૂરી આપવામાં આવી છે. આ શાળાઓ માટે અલગથી જમીન કે મકાનની સુવિધા આપવામાં આવશે નહીં, પરંતુ પ્રાથમિક સ્કૂલના બિલ્ડિંગમાં જ બીજી શિફ્ટમાં માધ્યમિક સ્કૂલ ચલાવવામાં આવશે. ૧૦૩ નવી સરકારી માધ્યમિક સ્કૂલ માટે ૧૫૫ શિક્ષક સહાયક ઉપરાંત ૨૦૬ અન્ય કર્મચારીઓની નિમણૂક પણ થશે. આ માટે રૂ. ૭૬૩ લાખનું બજેટ ફાળવાયું છે.

સરકારી આંકડા પ્રમાણે રાજ્યમાં ૩૨ હજાર સરકારી પ્રાથમિક શાળા છે પણ સરકારી માધ્યમિક શાળાઓની સંખ્યા ખૂબ ઓછી છે. આ કારણોસર ઘણા ગામમાં વિદ્યાર્થીઓ પ્રાથમિકનું શિક્ષણ પૂર્ણ કર્યા બાદ ગામમાં માધ્યમિક સ્કૂલ ન હોવાથી શિક્ષણ છોડી દેવા મજબૂર થતા હોય છે. જોકે, હવે ગામમાં રહેતા વિદ્યાર્થીઓને તેમના જ ગામમાં માધ્યમિક શિક્ષણ પણ સરકારી સ્કૂલમાં મળી રહે તે માટે સરકાર દ્વારા નવી સરકારી માધ્યમિક શાળાઓ શરૂ કરવાનું નક્કી કર્યુ છે.

રાજ્ય સરકારે ચાલુ વર્ષ માટે રાજ્યમાં નવી ૧૦૩ સરકારી માધ્યમિક શાળા શરૂ કરવા આયોજન કર્યું છે. આ શાળાઓ માટે જમીન કે બિલ્ડિંગની ફાળવણી કરવામાં આવી નથી પરંતુ સરકારી પ્રાથમિક સ્કૂલ જ્યાં આવેલી છે તે જ બિલ્ડિંગમાં બીજી શિફ્ટમાં સરકારી માધ્યમિક સ્કૂલ શરૂ કરાશે. જેથી જો સરકારી પ્રાથમિક સ્કૂલ બપોર પાળીમાં ચાલતી હશે તો સવાર પાળીમાં માધ્યમિક સ્કૂલ શરૂ કરાશે અને જો પ્રાથમિક સ્કૂલ સવાર પાળીમાં ચાલતી હશે તો બપોર પાળીમાં માધ્યમિક સ્કૂલ શરૂ કરાશે. જોકે, મોટાભાગની પ્રાથમિક શાળાઓ બપોર પાળીમાં જ ચાલતી હોઈ સવાર પાળીમાં માધ્યમિક શાળાઓ શરૂ કરાશે.

૧૦૩ નવી માધ્યમિક સરકારી શાળાઓ માટે ૧૫૫ શિક્ષણ સહાયક, ૧૦૩ વહીવટી સહાયક અને ૧૦૩ સાથી સહાયક નિમાશે. આ નવી જગ્યાઓ ઊભી કરવા માટે સરકારે રૂ. ૭૬૩.૧૧ લાખના બજેટની જોગવાઈ કરી છે. ટૂંક સમયમાં આ જગ્યાઓ ભરવાની કાર્યવાહી હાથ ધરાશે. આ ભરતીમાં અનામતના નિયમોનું ચુસ્તપણે પાલન કરવાની સૂચના છે.

અમદાવાદ જિલ્લામાં નવી ૮ સરકારી માધ્યમિક શાળા શરૂ થશે. આ ૮ શાળા વિરમગામ તાલુકાના ઘોડા અને વંથાલ ગામે, માંડલ તાલુકાના નાના ઉભડા ગામે, બાવળા તાલુકાના દેવથલ ગામે, ધોળકા તાલુકાના ધોળકા શહેર અને લોલિયા ખાતે, દસક્રોઈ તાલુકાના કુજાડ તેમજ સાણંદ તાલુકાના નવાપુરા ખાતે પ્રાથમિક સ્કૂલ ચાલે છે ત્યાં જ બીજી શિફ્ટમાં માધ્યમિક સ્કૂલ શરૂ કરાશે.

અમદાવાદ જિલ્લામાં ૮, આણંદમાં ૧, અમરેલીમાં ૬, બનાસકાંઠામાં ૮, ભરૂચમાં ૩, ભાવનગરમાં ૭, બોટાદમાં ૬, દેવભૂમિ દ્વારકામાં ૩, ગીરસોમનાથમાં ૧, જામનગરમાં ૧, કચ્છમાં ૧૮, ખેડામાં ૧, મહેસાણામાં ૨, મોરબીમાં ૭, પાટણમાં ૪, પોરબંદરમાં ૩, રાજકોટમાં ૬, સુરેન્દ્રનગરમાં ૧, છોટા ઉદેપુરમાં ૧, દાહોદમાં ૧૪ અને નર્મદામાં ૨ સરકારી માધ્યમિક શાળા શરૂ થશે.

# આસિ. પ્રોફેસરની સીધી ભરતી કે બઢતી માટે હવે નેટ ફરજિયાત


અમદાવાદ,તા.૨૦

દેશભરની યુનિવર્સિટીઓ અને કોલેજોમાં પ્રોફેસર બનવા માટે યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (યુજીસી)એ નિયમો બનાવ્યા છે, તેમાં હવે પ્રોફેસરની લાયકાત માટે નવા નિયમ જાહેર કરાયા છે.

હવે પછી રાજ્યની કોઈ પણ કોલેજમાં આસિસ્ટન્ટ પ્રોફેસરની સીધી ભરતી માટે નેટ (નેશનલ એલિજિબિલિટી ટેસ્ટ) અને (સ્ટેટ લેવલ એલિજિબિલિટી ટેસ્ટ) સ્લેટ ફરજિયાત કરેલ છે અને તેમાં પણ એક વધુ સુધારો વર્ષ ૨૦૨૧માં કરાશે. વર્ષ ૨૦૨૧માં જે પણ આસિસ્ટન્ટ પ્રોફેસરની ભરતી કરાશે તે ઉમેદવારે ફરજિયાત પીએચડી પાસ કરેલું હોવું જોઈશે. તેમના માટે પીએચડીની ડિગ્રી ફરજિયાત કરાઈ છે. આ નિયમ સીધી ભરતી માટે લાગુ કરાશે.

વર્ષ ૨૦૦૯ અથવા રેગ્યુલેશન ૨૦૧૬ના ધારાધોરણ હેઠળ જે ઉમેદવારે પીએચડી કર્યુ હશે તેમને નેટ અને સ્લેટમાંથી મુકિત અપાશે, તેના માટેની શરત એ હશે કે તેમણે પીએચડી રેગ્યુલર બેચમાં કરેલું હોવું જોઈશે. એસોશિયેટ પ્રોફેસર (સિલેક્શન ગ્રેડ લેવલ-૧૨) બનવા માટે પણ પીએચડીની ડિગ્રી ફરજિયાત કરાઈ છે. નવા ધારાધોરણો મુજબ કુલપતિની નિમણૂક માટે આચાર્ય તરીકેનો અનુભવ ૧૦ વર્ષનો ફરજિયાત કરાયો છે. દરેક કેડરની પોસ્ટની નિમણૂકમાં પોસ્ટ ગ્રેજ્યુએશનમાં ૫૫ ટકા ફરજિયાત કરાયા છે જ્યારે અનામત કેટેગરીમાં પાંચ ટકાની છૂટ અપાઈ છે.

## ધૃવતારક અટલજી



અવિચળ, અટંકી, અડીખમ અટલજી,
સદાસર્વદા સહુના ચાહક અટલજી.
આદર્શ-મૂલ્યોના હા ! સંવર્ધક અટલજી,
જનતા જનાર્દનના વાહક અટલજી.
હંમેશ માત ભારતના હિતને જ ચાહી,
હતા રાજધરમના ધારક અટલજી.
કદાપિ ન સત્તાને વહાલી ગણી બસ,
રહ્યા સાધુ સમ, પરિવ્રાજક અટલજી.
ઝૂક્યા ના કદિ પણ મહાસત્તાઓ સામે,
કરી ધાર્યું નિજનું, બેલાશક અટલજી.
કરી પોખરણમાં પરિક્ષણ અણુનું,
ગજબ દાખવ્યું'તું પરાક્રમ અટલજી.
પરાજિત કરી પાક. કારગિલના યુદ્ધે,
બતાવ્યો'તો જુસ્સો લડાયક અટલજી.
કરી બસની સુવિધા ભારત-પાક. વચ્ચે,
છેડી સૂર સંવાદીના ગાયક અટલજી.
રહીને વિપક્ષમાં, બન્યા ખૂબ ચહીતા,
દીધો ડંકો વિશ્વે, હા ! નાયક અટલજી.
નિજી ઊર્મિઓને વહાવી'તી હરદમ,
હતા શબ્દના પણ ઉપાસક અટલજી.
સહુ દેશવાસીના કાળજડાં કંપ્યાં,
હતા હિંદભરના ઈ તારક અટલજી.
ગવાશે મરશિયા અટલ તવ વિદાયે,
ચમકશે નભે ધૃવતારક અટલજી.
કરોડોનાં હૈયાં થયાં આદ્ર અનહદ,
સિધાવી ગયા કાં ? પરલોક અટલજી !

- ભરત કવિ 'ઊર્મિલ'

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા સાબરકાંઠામાં સેવાકાર્ય





શ્રી ગજાનન સેવા સમિતિદ્વારા સુનોક, ગડાદર તથા ખારી મુકામે કુલ ૧૩૯ લાભાર્થીઓને ૩ કિગ્રા ચોખાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સાથે ભીલોડા તાલુકાના જાલીયા, વાગોદર, મેરુ, માવજીપુરા, ભેટાલી આશ્રમ તથા અભાપુરમાં પ્રત્યેક બાળકને વિવિધ વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. અભ્યાસમાં રૂચિ વધે તે માટે કુલ ૩૫૮ વિદ્યાર્થીઓને નવા કપડાં, પેન્સિલ, નોટ-ચોપડા, સ્કેચ પેનનાં પેકેટ્સ તથા નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું. ૩ ગામોની આંગણવાડીમાં નવાં કપડાં પણ આપવામાં આવ્યાં હતાં. આ સેવાયજ્ઞમાં સંસ્થા તરફથી શશીકાન્ત મોઢા, મિલિન્દભાઈ, યોગેશભાઈ અને ભીમજીભાઈ જોડાયા હતા.